## જન્મદિને વધામણી


કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭


આશા એમ શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨


શુકન અરૂણકુમાર પરીખ
મો. ૯૮૯૮૦ ૧૪૫૦૩


મન વિરેન સોની
મો. ૯૮૨૫૫ ૦૮૭૨૭


પટેલ વિશ્વા મિતેશભાઈ
મો. ૯૬૨૪૧૨૯૨૪૧


પટેલ દેવાંગ મિતેશભાઈ
મો. ૯૬૨૪૧૨૯૨૪૧

જી ઈ ક્લબના ઉપક્રમે

# નર્તન ડાન્સ ક્લાસ દ્વારા આજે નર્તન ઉત્સવ ઉજવાશે

## ડૉ. આંબેડકર હૉલ ખાતે સાંજે આયોજિત અનોખા નૃત્ય કાર્યક્રમનો લાભ લેવા સૌ નગરજનોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૨૭

ક્લાસીકલ ડાન્સના સંવર્ધનમાં પ્રવૃત્ત ગાંધીનગર શહેરની સંસ્થા નર્તન ડાન્સ ક્લાસ દ્વારા જી ઈ ક્લબના ઉપક્રમે મંગળવારે ડૉ. આંબેડકર ભવન હૉલ ખાતે નર્તન ઉત્સવ નામે નૃત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં નર્તન ડાન્સ ક્લાસનાં સંચાલક તથા મુખ્ય પ્રશિક્ષક હાર્દિકા શુક્લએ જણાવ્યું છે કે નર્તન ડાન્સ ક્લાસ એ ગાંધીનગરમાં ક્લાસીકલ ડાન્સના સંવર્ધન માટે કથ્થકની તાલીમ પૂરી પાડે છે અને તેના તાલીમાર્થીઓ દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી ને મંગળવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે 'નર્તન ઉત્સવ-૨૦૧૭' નામે અભિનવ ડાન્સ શો પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા પ્યૉર ક્લાસીકલ, સૅમી ક્લાસીકલ અને ફિલ્મી નૃત્યો પણ પ્રસ્તુત કરવામાં આવશે, એમ જણાવતાં તેમણે ડાન્સમાં રસ ધરાવતા સૌ નગરજનોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે ઈજન પાઠવ્યું છે. સૌ રસજ્ઞો માટે આ કાર્યક્રમ ખુલ્લો રાખવામાં આવ્યો છે અને તેને માણવા માટે કોઈ પ્રવેશ પાસ કે ફીની આવશ્યકતા નથી એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# માણસાની કૉમર્સ કૉલેજ ખાતે એનએએસીની તૈયારી માટે સૅમિનાર




ગાંધીનગર, તા. ૨૭

ઍસ ડી આર્ટ્સ ઍન્ડ બી આર કૉમર્સ કૉલેજ, માણસાએ ઍનઍૅસીની પ્રથમ પ્રક્રિયામાં ૨.૨૦ પોઈન્ટ સાથે બી ગ્રેડ ૨૦૦૯માં મેળવ્યો અને બીજી પ્રક્રિયામાં ૨.૭૯ પોઈન્ટ સાથે બી ગ્રેડ ૨૦૧૬માં મેળવ્યો.

તાજેતરમાં આઈક્યુએસી કમિટી યોજિત કાર્યશાળઆમાં કૉમર્સ કૉલેજ પુનાના નિવૃત્ત આચાર્યા અને ઍનઍૅસી પીઅર ટીમના સભ્ય શિરીષ ચિંધડે, ઍચ કે આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા અને 'હાઉ ટુ પ્રિપૅર ઍનએએસી સાઈકલ-૩' વિષય અંતર્ગત કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, અગ્રણી નાગરિકો, સંચાલક મંડળના કારોબારી સભ્ય ડૉ. મહેશભાઈ યાજ્ઞિક તથા કૉલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ પરિવારને કૉલેજ એક મંદિર છે, તેનો રથ સૌએ એકબીજાના સાથથી હાંકવાનો છે અને એ આપણું દાયિત્વ છે તેવી ઉદાહરણ સમજ આપી હતી. કૉલેજ કૅમ્પસની મુલાકાત પણ તેમણે લીધી હતી. કૉલેજના દરેક પાસાને કેવી રીતે આગામી સમયમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા સજ્જ કરવું તેની વિગતે ચર્ચા તેમણે કરી હતી. કૉલેજના આચાર્યએ પણ આ ગોવર્ધન ઉપાડવાની પ્રક્રિયા છે ને તેને સતત આજ સુધી સહિયારા સાથથી આપણે નિભાવી છે એમ જણાવ્યું હતું. અગાઉની બે પ્રક્રિયા નિભાવનાર ઍનઍૅસી સંયોજક ડૉ યુ સી ગૉરને પ્રશસ્તિ પત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ એ કે પટેલ દ્વારા, આભાર દર્શન પ્રા. એ બી સોની અને પ્રા. વિ કે જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરકારી વિજ્ઞાન કૉલેજમાં કૅન્ટીન ડેની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૭

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થી પ્રતિનિધી સભા અને સાંસ્કૃતિક સમિતિ દ્વારા તાજેતરમાં કેન્ટીન ડે નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજનાં ત્રણે વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારાં અવનવી વાનગીઓનાં ૩૬ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

કોલેજના તમામ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફનાં સભ્યોએ કેન્ટીન ડેમાં ભાગ લઈને અવનવી વાનગીઓની મજા માણેલ, આ માટે વિદ્યાર્થીઓ દ્વારાં અંદાજે રૂ.૨૮,૦૦૦/-ની કૂપનોનું વેંચાણ કરવામાં આવ્યું હતુ. જેમાંથી વિદ્યાર્થીઓ દ્વારાં કરવામાં આવેલ ખર્ચની રકમ તેમને પરત કરાતા અંદાજે રૂ.૧૫,૦૦૦/- નો ચોખ્ખો નફો થયો હતો. આ રકમ કોલેજ મારફતે આર્મી રીલીફ ફંડને મોકલવાનો આચાર્ય ડો. કે. જી. છાયાની અધ્યક્ષતામાં સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ વાનગી હરીફાઈમાં લાઈવ નુડલ્સ ફ્રેન્કી અને પેસ્ટ્રી બનાવનાર સેમ.-૬નાં વિદ્યાર્થી વિરાજ ચૌધરી અને હેતા ચૌધરીનું ગૃપ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયું હતું. દ્વિતીય વિજેતા બનનાર સેમ.-૬ના વિદ્યાર્થી વિષ્ણુ બારોટના ગૃપે વઘારેલો રોટલો અને સુગર ફ્રી ખજૂર લાડુ બનાવ્યા હતા. જયારે સેમ.-૨ના હિર ઠક્કરના ગૃપે બનાવેલ રોક એન્ડ રોલ સ્નેક્સ(લાઈવ પાસ્તા અને મેગી)ને તૃતીય સ્થાન મળ્યું હતું. સેમ.-૬ના વિવેક પટેલ ગૃપે બનાવેલ રજવાડી છાશને કોમ્પ્લીમેન્ટ્રી પ્રાઈઝ ફોર લિક્વિડ આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક વાય.એમ.પટેલ, ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક જી. આર. પટેલ અને માઈક્રોબાયોલોજીના પ્રાધ્યાપક ધર્મેશ અધ્યારુએ પોતાની સેવાઓ આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના વિદ્યાર્થી વિષ્ણુ બારોટ, દિપા ઈશ્વરસિંગ, રાજપુત દિલિપસિંહ, ચૌધરી પ્રકાશ, રાજપુત ભરતસિંહ તેમજ રાઠોડ હિતેન્દ્રસિંહે ભારે જહેમત ઉઠાવી હતી. આચાર્ય ડો. કે. જી. છાયા તેમજ વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચેરમેન ડૉ. ડી. એ. ઓડેદરા, સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન ડૉ. આર. કે. પારવાણીએ કેન્ટીન ડેમાં ભાગ લેનારા સ્પર્ધકો તેમજ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી જે એમ ચૌધરી વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા તરીકે ૧ લાખનો પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ વિભાગ), સૅક્ટર-૭, ગાંધીનગરને શ્રેષ્ઠ શાળા તરીકે રૂા. ૧ લાખનો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. આ યોજના અંતર્ગત શાળાનું છેલ્લાં ત્રણ વર્ષનું પરિણામ ૮૦ ટકા કે તેથી વધુ, ભૌતિક સુવિધાઓ, અસરકારક વર્ગકાર્ય, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, લોક-ભાગીદારી દ્વારા પરીણામલક્ષી વિકાસ તથા અન્ય પ્રેરક વિશેષતાઓ જેવા પામદંડોમાં પાસ થવાનું હોય છે. સંસ્થા આ માપદંડોમાં પાસ થઈને જિલ્લા પસંદગી સમિતિ દ્વારા પુરસ્કૃત થઈ છે. શાળાનાં આચાર્ય સંતોકબેન કે ચૌધરીનું સતત પ્રોત્સાહક માર્ગદર્શન આ સફળતાને આભારી છે, જે માટે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી તથા અન્ય હોદ્દેદારો દ્વારા શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

અપને વો નહીં
જો તસવીર મેં
સાથ ખડે રહેતે હૈં
અપને વો હૈ
જો તકલીફ મેં
સાથ ખડે રહેતે હૈં

# રાજયમાં ધુમ મચાવતું કોમેડી નાટક "વટથી કહો બૈરીના ગુલામ"

ગાંધીનગર, તા. ૨૭

રીધમ કોમ્યુનિકેશન પંદર વર્ષથી કલા ક્ષેત્રે નીત નવા નજરાણા કલારસિકો સમક્ષ લાવી રહ્યા છે. તેઓ આ વખતે અર્પણ સંસ્થાના રમેશ અમીન ક્રિશ્ના કોમ્યુનિકેશન દ્વારા નિર્મીત દિગ્દર્શીત નાટક "વટથી કહો બૈરીના ગુલામ" રજુ કરી રહ્યા છે. રાજયમાં રીધમ કોમ્યુનિકેશન ના ભાવિક શાહે જણાવ્યું હતું કે, અમે ફુલ ગુલાબી નવી નક્કોર લાજવાબ કોમેડી નાટક લાવી રહ્યા છે. સાથે આ નાટક એક સામાજીક સંદેશો પણ આપી જાય છે. નાટકના નિર્માત્રી અને દિગ્દર્શક અલ્પના મઝમુદારનુ આ નાટક દર્શકોને કોમેડીના ડોઝની સાથે સતત જકડી રાખે તેવી વાર્તા ધરાવે છે. આ અંગે નાટકના દિગ્દર્શક અને તેમાં અભિનય કરી રહેલા અલ્પના મઝમુદારે જણાવ્યું હતું કે, અમારા નાટકના લેખક રાજેન્દ્ર શુકલ છે,અને અમે આ ધમાલ કોમેડી નાટકને રાજયભરમાં સંગીત નાટક અકાદમીના સહયોગથી રજુ કરી રહ્યા છીએ અને તેને દર્શકો ભરપેટ વખાણ કર્યા છે. નાટકમા સામાજીક વાર્તામાં કોમેડી વણી લેવાઈ છે. બે છોકરીઓની માતા તેની દિકરીઓને ધરે રાખવા તેની દિકરીને પરણાવીને ધરે અટલેકે ધરજમાઈની સાથે રહે છે, તેવા સંજોગામાં વાર્તા આગળ વધતા ફેમીલી સાથે માણી શકાય તેવી કોમેડી અને એક સંદેશો આપતી પટકથા બનાવી છે. ઉલ્લેખનીય છે કે વટથી કહો બૈરીના ગુલામ એ અલ્પના મઝુમદાર દિગ્દર્શીત ત્રીજું નાટક છે.

# આપણી શ્રદ્ધાના જગતમાં શુકનથી લઈને શ્રાધ્ધ સુધીનું પ્રતીક : કાગબાપુ

લોકસાહિત્ય એ સંસ્કૃતિનો પ્રાણ છે. એક ઓરડાના ખૂણામાં ખુરશી ઉપર કે ખાટ ઉપર બેસીને એકલા એકલા વાંચવા માટે લોકસાહિત્ય નથી. લોકસાહિત્ય તો ગવાતું હોય. ઝરણાં અને નદીઓની માફક સતત-અવિરત લોકો વચ્ચે ખળખળ વહેતું હોય. લોકોને ઘડતું હોય. પ્રશિક્ષિત કરતું હોય. સાહિત્યના સ્વરૂપો અને રંગ-ઉમંગ જુદા જુદા હોય છે. પ્રસંગ, પદ્ધતિ, વાદ્ય અને સમુદાય અનુસાર લોકસાહિત્ય ચોક્કસ રીતે પ્રસ્તુત થતાં હોય છે. માનવીના જીવનમાં ભિન્ન ભિન્ન સ્વરૂપોની સાથે સાહિત્ય જોડાયેલું છે. માનવ જીવનના ભિન્ન ભિન્ન સ્વરૂપોની સાથે જ એ પાંગરતું હોય છે. ખરું પૂછો તો જીવનનો અંશ જ લોકસાહિત્ય છે.

લોકગીતોનો જ દાખલો લઈએ તો, બહેનો માટેના લોકગીતો છે, તો પત્ની માટેના નોખા લોકગીતો છે. ભાઈઓ માટેના જુદા લોકગીતો તો પુરુષો માટેના અલગ લોકગીતો, લગ્નના લોકગીતો, ખેડૂતોના લોકગીતોમાં પણ અનેક પ્રસંગોને અનુરૂપ બળદ સાથે કોશ હાંકતાં, ખેતર ખેડતાં, લણણી કરતાં, બીજ વાવતાં નોખાં નોખાં લોકગીતોના પ્રકાર છે. નવરાત્રિના ગરબાના લોકગીતો કે હોળી પર્વના લોકગીતો પણ અલગ છે. લોકગીતો જ એક એવો વિષય છે કે જેની ઉપર એક આખા પુસ્તકનુ સર્જન થઈ શકે.

ગુજરાતી લોકસાહિત્યનું અભિન્ન અંગ એટલે ચારણી સાહિત્ય. ચારણી સાહિત્યનું ગુજરાતી લોકસાહિત્યમાં બહું મોટું પ્રદાન છે. ગત સપ્તાહમાં ચારણી સાહિત્યના ભિષ્મપીતામહ કાગ બાપુની પુણ્યતિથી ગઈ. ફેબ્રુઆરી ૨૨, ૧૯૭૭માં દુલા ભાયા કાગે અનંતની યાત્રા આરંભી. કાગબાપુની વાત આવે એટલે સહુથી પહેલા 'આવકારો મીઠો...' યાદ આવ્યા વગર ન રહે. આ લોકગીતમાં માનવીય સંબંધોના તંતુને ગાઢ-પ્રગાઢ કરવાની ચાવી ખૂબ સરળ અને તરલ રીતે કાગબાપુએ વણી લીધી છે. જેટલી વાર વાંચો કે સાંભળો કે ગાવ 'આવકારો...' એમા એક અલગ જ માનવીય સંવેદનાનો અનુભવ થયા વગર ન રહે.

તારે આંગણીએ કોઈ આશ કરીને
આવે રે .....આવકારો મીઠો...
તારે કાને કોઈ સંકટ સંભળાવે રે,
બને તો થોડું કાપજે રે જી
માનવીની પાસે કોઈ માનવી ન આવે
રે, તારા દિવસની પાસે દુખીયા
આવે રે .....આવકારો મીઠો...
કેમ તમે આવ્યા છો ? એમ નવ
કહેજે રે, એને ધીરે ધીરે તું, બોલવા
દે જે રે .....આવકારો મીઠો...
વાતું એની સાંભળીને, આડું નવ
જોજે રે, એને માથું એ હલાવી,
હોંકારો દે જે રે .....આવકારો
મીઠો...
'કાગ' એને પાણી પાજે, સાથે બેસી
ખાજે રે, એને ઝાંપા એ સુધી તું
મેલવા જાજે રે.....આવકારો
મીઠો...

માત્ર પાંચ ધોરણ સુધીનો જ અભ્યાસ. પરંતુ માનવીય સંવેદનાઓ અને જીવનના ગુઢાર્થના તત્વને સમજીને પ્રસ્તુત કરવામાં કાગબાપુની અદભુત શૈલી રહી છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને અનુસ્નાતક કક્ષા સુધી કાગબાપુની વાણી અને લોકગીતો ઉપર અભ્યાસ થયો છે અને હજુ આજે પણ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના મહુવા તાલુકાના મઝાધર (કાગધામ)માં નવેમ્બર ૨૫, ૧૯૦૨ના રોજ કાગબાપુનો જન્મ થયો. આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જીવનનાં ગુઢાર્થને લોકગીતોના માધ્યમથી લોકો વચ્ચે કાગબાપુએ ગુંજતું કર્યું છે. વિનોબા ભાવેની ભૂદાન ચળવળમાં તેમની જમીન દાનમાં આપી. લોકોનું ઘડતર કરતી આઠ વોલ્યુમમાં પથરાયેલી 'કાગવાણી' આજે પણ એટલી જ



પ્રસ્તુત છે. રામાયણ, મહાભારત અને ગાંધીયન ફિલોસોફીની છાંટ કાગબાપુના દુહાઓમાં આવતી હોય છે.

ભારત સરકારે ગુજરાતના અદના અને લોકપ્રિય લોક કવિ દુલાભાયા કાગને પદ્મશ્રી પુરસ્કારથી નવાજ્યા છે. કવિ કાગ ૨૦મી સદીના સૌરાષ્ટ્રની એક અદભુત વિરલ વિભૂતિ સ્વરૂપે અવતર્યા. ચારણી વાણી જેમને વારસામાં મળી તેને અધુનિક યુગને અનુરૂપ સુયોગ્ય વિનિયોગ સાધીને કાગબાપુએ નાની પણ મજબુત ક્રાંતિ સર્જી. માનવીય જીવનની એવી કોઈપણ સંવેદનશીલ બાબત નહીં હોય કે જેના વિશે કાગબાપુએ તેમના શબ્દોની સરવાણી વહાવી ન હોય. કાગબાપુના કાવ્યો, ગીતો, વાતોમાં આવતાં માનવીય વિવિધ સંવેદનાના ભાવ, લાગણી અને પીડા લોકોને પોતાની જ વાત હોય એમ લાગતું. કદાચ એટલે જ કાગબાપુ માનીતા લોકકવિ - લોકગાયક બની લોકોના લોકોના હદયમાં ઉતરી ગયા. કવિ દુલાભાયા કાગ ગુજરાતના ગૌરવ છે. એમની વાણી આજે પણ ગામેગામ ગવાય છે. એમણે રચેલા




સાહિત્ય ઉપરથી ઘણાં બૃહદ સંશોધનો થયા, લેખો લખાયા અને પુસ્તકો રચાયા.

સૌરાષ્ટ્રની ધરતીના છોરુ કવિ શ્રી દુલાભાયા કાગે સાહિત્ય, ગીત, સંગીત દ્વારા માત્ર સંસ્કૃતિનું સંવર્ધન જ નથી કર્યું પણ ક્રાંતિકારી વિચારો દ્વારા તેમણે સમાજમાં રહેલા દૂષણોને દૂર કરવા માટે પણ અદભુત કામ કર્યું છે. ભગવાને આપેલા એમને મજાના કંઠનો કવિશ્રી કાગે ભરપુર ઉપયોગ કર્યો અને સમાજ જીવનમાં ઊર્ધ્વગામી પરિવર્તન લાવવા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા કવિશ્રી કાગ લોકહૈયાના ધબકારને પીછાણતાં હતાં, એને ગાતાં હતાં. અને એટલે જ એમની રચનાઓ આટલી ઊંચી સ્વીકૃતિ પામી શકી. લોકહૈયે સદાકાળ ઝીલાતી રહી છે 'કાગવાણી'. રવિશંકર મહારાજે કાગબાપુ વિશે લખ્યું છે કે, એમના જેવા કવિઓ બનાવી શકાતા નથી એ તો કુદરતની બક્ષીસ સ્વરૂપે જન્મતા હોય છે. કંઠ, કવિતા અને કહેણીના મૂલ્યનિષ્ઠ લોકકવિ અને ભક્તકવિ પદ્મશ્રી દુલાભાયા કાગની પુણ્યતિથિએ એમણે રચેલા કેટલાક દુહાઓ મમળાવવાની મોજ આવશે.

એ છે અંજવાળું, પાળીને
નોતરવું પડે; આવે અંધારું કિધા
વિણનું કાગડાં

(તળપદી ભાષામાં કાગબાપુ કહે છે કે, પ્રકાશને આવકાર છે, અંધકારને જાકારો આપવો જોઈએ. ઉત્તમ ગુણો મહેનત સિવાય ન મળે. મન મસ્તિષ્કનાબંધ મકાનમાં પ્રકાશ પ્રવેશી ન શકે.)

વીરો સાચો હોય, એને ફોકટ
ફેરવીએ નહીં, કામે લાગે કોઈ કસટ
વખતે કાગડા

(સાચો કિંમતી હીરો બે-પાંચ પૈસાના કામમાં ગીરો મૂકીને વેડફાય નહીં, કપરા સમયમાં એની મોટી કિંમત મળે છે.)

સાદાઈ ને ચતુરાઈ, મીઠપ ને
મોટપ બધી, વેલી લિયે વિદાય,
જ્યારે કુમત આવે કાગડા

(જ્યારે કુબુદ્ધિ સુજે ત્યારે સાદાઈ, ચતુરાઈ, મીઠાશ અને મોટપ જતી રહે છે.)

છંદા ગીતાં ને સોરઠાં, સોરઠ
સરવાણી, (એટલાં) રોયાં રાતે
આંસુએ, (આજ) મરતાં મેઘાણી

(ખવેરચંદ મેઘાણીના અવસાન વેળા કાગ બાપુએ હદયનાં ઉંડાણથી આ દુહો ગાયો. ચારણી છંદો, ગીતો, સોરઠી ભાષા અને સોરઠ એ ચારેય ઝવેરચંદ મેઘાણીના જવાથી લોહીના આંસુએ રડ્યા છે.)

તનડા તુંટે તોય પ્રિતું પાલકશે
નહીં, જળમાં ખીલાન જોય, કાટ ન
બોળે કાગડા

(જળની થાપટે લાકડાનાં પાટીયાનાં ટુકડે ટુકડા થઈ જાય, કાંઠે પહોંચવુ પણ કઠીન થાય તેમ હોય છતાંય લાકડામાં ઠોકેલી ખીલીને લાકડું પાણીમાં છોડી દેતું નથી.)

લોકસાહિત્યના વિવિધ પ્રકારો ઉપર માનવીએ સંવેદનાને અદભુત રીતે ઝીલનાર કવિ દુલાભાયા કાગે લોક જીવનને ચારણી સાહિત્યમાં જીવતું અને ધબકતું કરી દીધું છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ 'કલમ અને કિતાબ'માં લોકસાહિત્ય માટે જે વાત કરી છે એ અહીં અક્ષરશઃ મૂકવાની ઈચ્છા છે. "આપણો લોકસમૂહ પામર નથી (ક્ષુદ્ર નથી). એ તો આપણી જુગ જુગ ઘુંટેલી સંતવાણી, લોકવાણીના સમૃદ્ધિ ભંડારની વારસદાર જનતા છે. એનો સંસ્કાર અત્યારે સુશુપ્ત છતાં જીવતો છે. વિરાટ લોકસમૂહને લાગણીઓના સક્ષમતાથી વિહોણો ગણી ઉવેખો ના. આપણી વિમુખતોનો ચોર – કોટવાળ વાળો દંડ એમના પર ન નખો, છાપખાનાની વાંસથી બનેલી સગવડોએ લેખકોને વિભ્રમમાં નાખ્યા છે. એમને એકાદ –બે પુસ્તકોને અંતે ફેંકી દેનાર વાચકોની આલમ બેવકૂફ નથી હોતી. વાચકો જવલંત નામોથી નથી ઠગાતાં, લેખકોની કૃતિઓનું બોધિપણું વાચકની બુદ્ધિ બરાબર તોળી લે છે. પ્રકાશનોની તો અટવી ઉગી નીકળી છે. પુસ્તકોની ખરીદીમાં અનેક કુટુંબો કોઈ ચોક્કસ દોરવણી વગર આંધળુકીયા કરે છે. દળદાર પુસ્તકો અને મોટી કિંમત આ બે વાતોની લત ગ્રાહકોને લગાડી છે. તે પણ આપણે અને રમકડાં જેવી નાની ચોપડીઓનો નાદ પણ આપણે જ લગાડી શકીએ. વાચકોનો આવો રસ પલતો એ લેખકોને પ્રકાશનો ઉભયનો પ્રશ્ન છે."

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ કહેલી આ વાતમાં દુલાભાયા કાગની જીવનની એક એક ક્ષણ ઉજાગર થતી હોય એમ લાગે છે. જો કે મેઘાણીએ આ વાત કાગબાપુના સંદર્ભમાં કરી છે એમ કહેવાનું તાત્પર્ય નથી. અહીં માત્ર મેઘાણીજીની આ વિચારધારાને કાગબાપુના જીવન અને કવન સાથે બંધબેસતી હોઈ પ્રસ્તુત કરવાની ઈચ્છા રોકી ન શકાઈ. દુલાભાયા કાગ એટલે લોકો વચ્ચે રહીને લોકોનું ઘડતર કરનારા અને લોક જીવનની નક્કર વાસ્તવિકતા સમજાવી નવતર કેડી કંડારનારા સંત. શબ્દ અને સંગીતે મઢી ભક્તિસભર 'કાગવાણી' સદાકાળ ચિરંજીવ રહેશે.

સાહિત્ય અને શિક્ષણની જે સૃષ્ટિ કાગબાપુએ ઊભી કરી છે તે આવનારા યુગો સુધી નિઃસંદેહપણે અવિસ્મરણીય બની રહેશે.

**ધબકાર**

'કાગ' આપણી શ્રદ્ધાના જગતમાં શુકનથી લઈને શ્રાધ્ધ સુધીનું પ્રતીક છે. ભગતબાપુનુ જીવન અને કવન પણ ખુબજ આદરણીય અને શ્રધ્ધેય રહ્યું.

.... મોરારી બાપુ

# વાચકોને આમંત્રણ

## સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારી યાદગાર સ્કૂલ'